ગાંધીનગર સમાચાર
તા. ૧૨-૧૦-૨૦૧૪, રવિવાર

## તંત્રી સ્થાનેથી....

### ભારત-પાક વચ્ચે વહેંચાયેલ શાંતિ નોબેલના સૂચિતાર્થો

શાંતિનું નોબેલ ભારતને મળે અને તે પણ પાકિસ્તાનના ભાગમાં એ કેવી આહ્લાદક ઘટના છે! જેમને આ પારિતોષિક મળ્યું છે એ બેઉ આપણી ચીલાચાલુ વ્યાખ્યામાં ઘણાં નાનાં માણસો છે. જો આ જ નોબેલ બે દુશ્મન દેશોના વડાઓ કે સંત મહાત્માઓ વચ્ચે વહેંચાતું હોત, બે રાષ્ટ્રોના સૂફી વિચારકો વચ્ચે વહેંચાયું હોત તો વળી જુદો જ માહોલ સરજાયો હોત. જે શાંતિ-પારિતોષિક ત્રણ ત્રણ વાર નોમિનેટ થયા છતાં સહસ્ત્રાબ્દીના મહાનાયક મહાત્મા ગાંધીને ન મળી શક્યું તે 'બચપન બચાવો' આંદોલન દ્વારા બાળમજૂરી વિરૂદ્ધ ઝુંબેશ ઉપાડનારા એક અદના લોકસેવક - વિદિશા (મધ્યપ્રદેશ) નિવાસી કૈલાસ સત્યાર્થી અને પાકિસ્તાનની સત્તર વર્ષની બાહોશ છોકરી મલાલાને મળ્યું છે. આ જ પારિતોષિક ટેરેસાને અને સત્યાવીસ વર્ષનો સુદીર્ઘ કારાવાસ વેઠનારા દક્ષિણ આફ્રિકાના રંગભેદ સામે ઝુંબેશ ચલાવનારા અશ્વેત નેતા નેલ્સન મંડેલાને મળ્યું હતું. બેઉ પારિતોષિક વિજેતાઓ અભિનંદનને પાત્ર છે અને આવો અકલ્પનીય નિર્ણય કરવા બદલ નોબેલ પારિતોષિક ચયન સમિતિને પણ ધન્યવાદ આપવા જ રહ્યા. સાહિત્ય ક્ષેત્રે રવીન્દ્રનાથ ટાગોરને સો વર્ષ પૂર્વે મળેલ આ નોબેલ સન્માન પછી કોઇ ભારતીય સાહિત્યકાર નોબેલ ફાઉન્ડેશનની નજરે ચડ્યો નથી, તે કેવું! ૨૦૦૧માં વી.એસ. નાયપોલને સાહિત્યનું નોબેલ ઈનામ મળ્યું ત્યારે તેઓ ભારતીય ગોત્રના હોવાનું ગૌરવ જરૂર લેવાતું રહ્યું હતું પણ નાયપોલ તો ભારતને હાડોહાડ ધિક્કારનારા વિદેશી નાગરીક છે. અરે, સાહિત્ય ક્ષેત્રે આપણી પાસે એકથી એક ચડિયાતાં નામો પ્રગટતાં રહ્યાં પરંતુ વિદેશી ઈનામના નિર્ણાયકોએ કયારેય એ તરફ લક્ષ્ય જ નથી આપ્યું. ભારતીય જ્ઞાનપીઠ દ્વારા દર વર્ષે અપાતો જ્ઞાનપીઠ એવોર્ડ ભારતીય સાહિત્યનું નોબેલ ગણાવા લાગ્યું છે. ગુજરાતી ભાષામાં જે કનૈયાલાલ મુનશી, ઝવેરચંદ મેઘાણી, ઉમાશંકર જોષી, સુન્દરમ્ કે પન્નાલાલ પટેલ અને દર્શક જેવા મોટા ગજાના સર્જકો છે, જે નોબેલ ઈનામ મેળવનારા વિદેશી લેખકોની સરખામણીએ લેશ પર ઊતરતી કક્ષાના નથી, છતાં એમને નોબેલનું સપનું પણ નથી આવ્યું. શાંતિદૂત તરીકે ઓળખાતા પંચશીપના પ્રણેતા - ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂ, ભૂદાન પ્રણેતા સંત વિનોભા ભાવે કે ગુજરાતના મૂક સેવક રવિશંકર મહારાજથી લઈ અણુવ્રત આંદોલનના પ્રણેતા આચાર્ય તુલસી, સંત તુકડોજી, સુંદરલાલ બહુગુણા, બાબા આમટે, શ્રી શ્રી રવિશંકર, મોરારિ બાપુ - એવાં તો ઓછામાં ઓછાં બીજાં ડઝનેક નામ ગણાવી શકાય જેમને શાંતિનું નોબેલ આપીને એ પુરસ્કાર પોતે જ ગૌરવાન્વિત બની શક્યો હોત. આ વર્ષે તદ્દન ઓછી જાણીતી છતાં ઘણું મહત્ત્વનું કામ કરનારી બે વ્યક્તિઓને નવાજવાનો નિર્ણય એક અર્થમાં કમ કરનારી બે વ્યક્તિઓને નવાજવાનો નિર્ણય એક અર્થમાં પરંપરાભંજક જ ગણાશે. બેઉ વિજેતાઓ કરૂણાના વૈશ્વીકરણની તરફેણ કરે છે, બે દુશ્મન રાષ્ટ્રો વચ્ચે સુલેહ શાંતિની માગણી કરે છે. એ જુદી વાત છે કે ફક્ત નોબેલ ઈનામ મળી જવાથી કૈલાસ સત્યાર્થી કે મલાલા યુસુફઝાઇ આવા રાષ્ટ્રીય - આંતરરાષ્ટ્રીય પ્રશ્નોના ઉકેલ માટેની લાયકાત ધરાવે છે એવું ભાગ્યે જ કોઈ સ્વીકારવા તૈયાર થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કૈલાસ સત્યાર્થીને ચા-પાણી માટે નોતરું પાઠવીને એક કર્મકાંડ પૂરો કર્યો છે. એ જ રીતે મલાલાને નવાઝ શરીફ એકાદ શાલ ઓઢાડી દેશે, પછીનું કામ તાલેબાનો કરશે!

# સેક્ટર-૨૨ ખાતે હસ્તકલા મેળાનો શુભારંભ

### સોફ્ટ ટોય્ઝ, કી-ચેન, ગૃહ સજાવટ તથા ગૃહ વપરાશ માટેની વસ્તુઓ, મહિલાઓ માટેનાં આભૂષણો, કપડાં, મુખવાસ, નાસ્તા, પુસ્તકો, બૅગ, પર્સ, થેલા જેવી અનેક ચીજોનું ઉત્પાદકો દ્વારા સીધું વેચાણ

ગાંધીનગર,તા. ૧૧

અમદાવાદ જિલ્લા સમાજકલ્યાણ સંઘ સંચાલિત મહિલા સિવણ ક્લાસ, સેક્ટર-૨૨ ખાતે આજથી બે દિવસીય હસ્તકલા મેળાનો શુભારંભ થયો છે, જેમાં વિવિધ ગૃહ ઉપયોગી તેમજ સુશોભનની વસ્તુઓનું પ્રદર્શન સહ વેચાણ યોજવામાં આવ્યું છે.





અમદાવાદ જિલ્લા સમાજકલ્યાણ સંઘ અને જી ઈ ક્લબ, ગાંધીનગર આયોજિત આ હસ્તકલા મેળામાં સિવણ ક્લાસની બહેનો પોતાના દ્વારા ઉત્પાદિત વિવિધ વસ્તુઓ તેમજ અન્ય ઉત્પાદકો દ્વારા તૈયાર કરવામાં આવેલી વસ્તુઓનું સીધું વેચાણ ગ્રાહકોને કરે છે. આમ, આ મેળાનો હેતુ ઉત્પાદકો અને ગ્રાહકો વચ્ચેનો સીધો સેતુ સ્થાપિત કરવાનો છે, જેથી ગ્રાહકોને વ્યાજબી ભાવે વિવિધ વસ્તુઓ મળી રહે અને ઉત્પાદકોમાં વેચાણ કલાનો કસબ ખીલે.

આ બેવડા શુભ હેતુસર આયોજિત આ હસ્તકલા મેળાના શુભારંભ પ્રસંગે આજે સવારે ગાંધીનગર બ્રહ્માકુમારીઝ કેન્દ્રનાં સંચાલિકા કૈલાસદીદી, ચિલ્ડ્રન યુનિવર્સિટીનાં ડિરેક્ટર જ્યોતિબેન થાનકી, નહેરૂ યુવા કેન્દ્ર, ગાંધીનગરના યુથ કો-ઓર્ડિનેટર રજનીકાન્ત સુથાર તથા સેક્ટર-૭ પોલીસ સ્ટેશનનાં પીઆઈ મિની જોસેફ ઉપસ્થિત રહ્યા હતાં, જેમણે મંગળ દીપ પ્રગટાવીને આ મેળાને ખુલ્લો મૂક્યો હતો તથા મેળામાં પ્રદર્શન-વેચાણ અર્થે મૂકાયેલી વસ્તુઓના ઉત્પાદકોને શુભકામનાઓ અર્પણ કરી હતી. ઉદ્‌ઘાટન કાર્યક્રમનું સંચાલન જી ઈ ક્લબના ડિરેક્ટર કશ્યપ નિમાવત દ્વારા કરવામાં આવ્યું હતું.



ઉદ્‌ઘાટન બાદ સૌ અતિથિઓએ મેળા અંતર્ગત સજાવેલા દરેક સ્ટોલની મુલાકાત લીધી હતી અને તેમાં પ્રદર્શન સહ વેચાણ અર્થે મૂકવામાં આવેલી વસ્તુઓ વિશે વિશદ્ જાણકારી પ્રાપ્ત કરી હતી.

ઉલ્લેખનીય છે કે આ હસ્તકલા મેળામાં મહિલા સિવણ વર્ગની તાલીમાર્થી બહેનો ઉપરાંત ગાંધીનગર, અમદાવાદ અને પાટણ, સુરેન્દ્રનગરના કારીગરો દ્વારા ઉત્પાદિત વિવિધ ચીજ-વસ્તુઓ પણ પ્રદર્શન સહ વેચાણ અર્થે મૂકવામાં આવી છે, જેમાં સોફ્ટ ટોય્ઝ, કી-ચેન, ગૃહ સજાવટ તથા ગૃહ વપરાશ માટેની અનેક વસ્તુઓ, મહિલાઓ માટેનાં આભૂષણો, કપડાં, મુખવાસ, નાસ્તા, પુસ્તકો, બૅગ, પર્સ, થેલા વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

મહિલા સિવણ ક્લાસ ખાતે આ પ્રદર્શન છેલ્લાં ચાર વર્ષથી સફળતાપૂર્વક યોજવામાં આવે છે. આ વખતે પણ પહેલા જ દિવસથી આ મેળાના મુલાકાતીઓની સંખ્યા ઉલ્લેખનીય જોવા મળી હતી. રવિવારે પણ સવારના ૯થી રાત્રીના ૯ કલાક સુધી આ મેળો ચાલવાનો છે, ત્યારે બંને આયોજક સંસ્થાઓએ નગરના હસ્તકલા શોખીનોને આ મેળાની મુલાકાત લેવા ઈજન પાઠવ્યું છે.

## હરિની દૃષ્ટિ...




બંદુક સે નહીં મેરે આકા... ઝાડુ સે ડર લગતા હૈ...!!

# રાષ્ટ્રભાષા ગૌરવ માનદ્ ઉપાધિથી ગુલાબચંદ પટેલ સન્માનિત

ગાંધીનગર, તા.૧૧

અખિલ ભારતીય હિન્દી સેવા સંસ્થાન ઈલાહાબાદ દ્વારા ઉત્તરપ્રદેશમાં 'નિરાલા' સભાગૃહ ખાતે રાષ્ટ્રભાષા ગૌરવ ઉપાધિથી ગાંધીનગરના રહીશ અમદાવાદ નજીક મોટેરાના વતની હિન્દી કવિ, રૂપિયા ૨૧૦૦ પુરસ્કાર પુસ્તકો અર્પિત કરી શાલ-ફુલહારથી ડૉ. રાજકુમાર શર્મા દ્વારા સન્માનિત કરાયા હતા.

આ પ્રસંગે ભારતભર માંથી હિન્દી ભાષામાં સેવારત હિન્દી પ્રેમીઓ, કવિ, લેખકો, માનદ્ ડીગ્રી માટે પસંદ પામેલ



લેખક, અનુવાદક, પત્રકાર, વ્યસનમુક્તિ અભિયાન પ્રણેતા, નિવૃત્ત ઓફિસર સુપ્રિડેન્ટેન્ટ એવોર્ડ વિજેતા ગુલાબચંદ પટેલને સન્માનિત કરી. ઉપાધિ પ્રમાણપત્ર, શ્રીફળ, મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. પટેલે ગાંધીનગર શહેરનું તેમજ હિન્દી પ્રેમીઓનું ગૌરવ વધારેલ છે. પટેલ નિવૃત્ત થયેલ છે. વ્યસનમુક્તિ અભિયાન ચલાવી રહ્યા છે. જેમના ચાર પુસ્તકો હિન્દીમાં પ્રકાશિત થયેલ છે. તેઓએ હિન્દી મંત્રાલય દ્વારા વિવિધ શિબિરમાં ભાગ લીધેલ છે.

# ચૈતન્ય સ્કૂલમાં બાળકોને જાદુઈ દુનિયાની અનુભૂતિ થઈ

બાળકોની દુનિયા જાદુઈ નગરી જેવી હોય છે. બાળકો જાદુના ખેલ જોઈને આશ્ચર્ય પામતા હોય છે. ચૈતન્ય જુનિયર સ્કૂલમાં જાદુ કી છડી કાર્યક્રમની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. એર એન્ડ સ્પેસ મુખ્ય વિષય પર બાળકો પરફોર્મ કર્યું હતું.

ગાંધીનગરના લેકાવાડામાં આવેલ ચૈતન્ય જુનિયર સ્કૂલમાં જાદુ કી છડી કાર્યક્રમ યોજાયો હતો. એર એન્ડ સ્પેસ મુખ્ય વિષય પર કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ધોરણ-૧ અને ૨ ના વિદ્યાર્થીઓએ વાયુ પુત્ર હનુમાન, ખુલ્લા ગગનમાં વિહરતા પક્ષી અને વરસાદની મોસમમાં રંગબેરંગી પતંગિયા સાથેની કૃતિ રજુ કરી પરફોર્મ કર્યું હતું. બાળકોએ પૃથ્વીને બચાવવા માટે રિડ્યુસ, રિયુસ અને રિસાયકલ વિષય પર ટેબ્લો રજુ કરી ઉપસ્થિત સર્વેને સંદેશ આપ્યો હતો. કાર્યક્રમમાં ડૉ. ઈન્દિરા નિત્યાનંદન, લેખક દોલતભટ્ટ, આઈ.એ.એસ. જયંતિ રવિ, શાળાના ડાયરેક્ટર ઈલિઝાબેથ કોશી, રવિગોપાલન, પ્રીતા પિલ્લાઈ તેમજ શાળા પરિવાર અને મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.



## ચેસ ટૂર્નામેન્ટમાં વિજેતા થયા

ગાંધીનગર, તા. ૧૧

આજે કડી શિક્ષણ સંકુલમાં શેઠ સી.એમ. હાઈસ્કૂલ ખાતે ખેલ મહાકુંભની ચેસ ટૂર્નામેન્ટમાં ૪૫ થી ૬૦ વર્ષની નીચેના ખેલાડીમાં પ્રથમ અને દ્વિતીય સ્થાન પર દિલીપભાઈ ઐયર તથા ડૉ. નીતિન જે. દવે વિજેતા થયા હતા. તેઓ હવે ગાંધીનગર જિલ્લાનું ઓલ ગુજરાત ભાવનગર ખાતે તેનું પ્રતિનિધિત્વ કરશે.

# ભારત-પાકિસ્તાનની સહિયારી 'નોબેલ' જીત...!!!

કાશ્મીર સરહદે તોપો અને મશીનગનો છેલ્લા એકાદ મહિનાથી ગાજી રહી છે, અનેક નિર્દોષો અથવા તો ઈજાગ્રસ્ત થયા છે અથવા તો સદાયને માટે કોઈ જ વાંક ગુના વગર મોતની ચાદર ઓઢીને પોઢી ગયા છે. બંને દેશોના વડાઓની લલકારો વચ્ચે બેય દેશોનું લશ્કર એકબીજાને સબક શિખવાડવાના કાવાદાવાઓના મોરચા ઘડવામાં વ્યસ્ત થઈ ગયું છે. સીમાની બંને બાજુ એક ઉન્માદ સાથેનો ઉચાટ છે કે શું ફરી ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થશે? યુદ્ધ કરતા યુદ્ધનો હાઉ વધુ ખતરનાક હોય છે એ ઉક્તિ મુજબ અત્યારે તો સીમાની બંને બાજુ યુદ્ધની આશંકાના કાળા ઘટાટોપ વાદળો મડાઈ રહ્યા છે એવામાં બંને દેશોમાં આ કાળા ડીબાંગ વાદળાઓને ચીરતી ખુશી અને રાહતની સોનેરી સુર્યપ્રકાશની એક કિરણ નોબેલ પ્રાઈઝના રૂપે પ્રકાશમાન થઈ છે અને એ પણ જેની ખેવના સરહદની બંને બાજુની જનતા કરી રહી છે એ શાંતિના સ્વરૂપે. જાણે એક સફેદ કબુતર નોબેલ પ્રાઈઝના સ્વરૂપે શાંતિનો સંદેશો લઈને બંને દેશોમાં ઉડી રહ્યું હોય.

મારી આ જીતનો મોટાભાગનો અને સમ્પૂર્ણ યશ એ બધા જ ભારતીયોને જાય છે કે જેમણે આ મહાન દેશમાં લોકશાહીને જીવંત રાખી છે અને જેમના સહકાર અને સાથને લીધે હું છેલ્લા ૩૦ વર્ષોથી મારી આ બચપન બચાવવાની લડતને હીમ્મતભેર અને મુક્તપણે ચાલુ રાખી શક્યો. આ શબ્દો છે ૨૦૧૪નો બાળ મજદુરી અને બાળ કલ્યાણના ક્ષેત્રે વ્યક્તિગત સાહસ બતાવવ બદલ શાંતિ માટેનો નોબેલ પુરસ્કાર મળ્યા પછી શ્રી કૈલાશ સત્યાર્થીના. વિશ્વભરમાં નોબેલ પ્રાઈઝની જે ઈજ્જત અને જે માનથી એને જોવાય છે એવું આ ઈનામ મળતા જ વિશ્વના બાકી દેશોની જેમ જ ભારતમાં પણ અનેક લોકોના કાન સરવા થયા એ જાણવા કે આ કૈલાશ સત્યાર્થી છે કોણ ? અને એવું તે શું કાર્ય કરે છે કે ભારતની સરકારની આંખ નીચેથી વિદેશી સંસ્થા એની વિશ્વભરમાં ગણનાપાત્ર નોબેલ પ્રાઈઝ માટે પસંદગી કરે?

કૈલાશ સત્યાર્થી શું કરે છે એ જાણતા પહેલા જેના માટે એમને આ નોબેલ પ્રાઈઝ મળ્યું એ બાળમજદુરી અને બાળ-શોષણ વિષે જાણવું જરૂરી બને છે અને તો જ કૈલાશના ભગીરથ પ્રયત્નો વિષે વધુ અહોભાવ જાગૃત થશે. વિશ્વભરમાં બાળકોનું શોષણ એ કાનૂની અપરાધ ગણાય છે અને બાળ-મજદુરી ભયંકર ગુનો. ૨૦૦૧ની જનગણના ના રીપોર્ટ મુજબ એ વખતે ભારતના ૫-૧૪ વર્ષની વયજૂથના કુલ ૨૫ કરોડ બાળકોમાંથી લગભગ ૧.૫ કરોડ બાળકો બાળ મજદુરીના અઠવ તો બાળ-શોષણના શિકાર હતા. આ જ આકડો ૨૦૦૯ના રાષ્ટ્રીય સર્વેક્ષણ વખતે લગભગ પાંચ કરોડ જેવો થઈ ગયો મતલબ કે બાળમજૂરોની સંખ્યા ઘટવાને બદલે આઠ વર્ષમાં લગભગ ત્રણ ગણી થઈ ગઈ. ૨૦૦૧ના ૧.૫ કરોડ બાળમજૂરોમાંથી લગભગ દોઢેક લાખ બાળકો તો ખતરનાક કહી શકાય એવી જગ્યાએ મજુરી કરતા હતા અને આ આંકડા તો છેક ૨૦૦૯ના છે મતલબ કે આજે ૨૦૧૪માં તો આ હિસાબે આ આંકડો ૧૦ કરોડને પાર પહોચી ગયો હોવો જોઈએ. આટલી નાની ઉમરે બાળકને શિક્ષણ, રમતગમત અને સારું ભોજન કે શાળાઓ મળવી જોઈએ એની બદલે આ કાળી મજુરી?

યુનિસેફ અને આંતર્રાષ્ટ્રીય મજદૂર સંસ્થાના એક રીપોર્ટ મુજબ વિશાળ જનસંખ્યાને હિસાબે ભારત બાળમજદૂરોની બાબતમાં વિશ્વમાં પ્રથમ નંબરે છે અને એમાં પણ મોટાભાગના બાળમજુરો ખેતીવાડીના ક્ષેત્રે કાળી મજુરી કરતા નોંધાયા છે. જગતના બધા જ દેશો આ દુષણને ડામવા માટે પોતપોતાની રીતે પ્રતિબદ્ધ છે અને વિવિધ કાયદા અને કાનૂનો બનાવીને આ કલંકને નાથવાની કોશિશ કરી રહ્યા છે જેમાં ઘણા દેશો સફળ પણ થયા છે પણ ભારત જેવા દેશમાં કે જયાં કાયદા અને કાનુનના અમલથી લઈને એની અસર અને પ્રતિબધ્ધતા પર હમેશા સવાલો ઉઠતા હોય ત્યારે ખાલી કાયદાઓ બનાવ્યે આ કલંકને નેસ્તેનાબુદ કરવું લગભગ અશક્ય છે પણ સમાજની આ વરવી અને કાળી બાજુને સાફ કરવાનું બીડું સમયાન્તરે કોઈને કોઈ ઉઠાવતું જ હોય છે આવા જ અનેક સાહસવીરો અને સમાજ સુધારકોની યાદીનું એક નામ છે કૈલાશ સત્યાર્થી કૈલાશે બાળકોના અધિકાર માટે લડત ચલાવવાનું નક્કી કર્યું ત્યારે એમની ઉમર ફક્ત ૨૬ જ વર્ષની હતી. મધ્યપ્રદેશના વિદિશામાં જન્મેલા આ



**રઝળપાટ**

**અજય ઉપાધ્યાય**

akurjt@gmail.com

ચળવળકાર ત્યાં સુધી ઈલેક્ટ્રોનિક એન્જીનીયરની પોતાની સુખરૂપ જિંદગી જીવતા હતા પણ બાળમજદુરી અને બાળકોના મૂળભૂત અધિકારની લડત લડવા એમણે આ નોકરી છોડીને બચપન બચાવો આંદોલન ( સેવ ચાઈલ્ડહુડ ) નામના પોતાના ઓર્ગેનાઈઝેશનની સ્થાપના કરી. મહાત્મા ગાંધીના આદર્શોને પોતાના જીવનમાં ઉતારનાર કૈલાશનું આ ઓર્ગેનાઈઝેશન બાળમજદુરી અને બાળતસ્કરી જેવા જોખમી કૌભાંડોને ખુલ્લા પાડવાનું અને એના કસુરવારોને કડકમાં કડક સજા અપાવવાનું અત્યંત મુશ્કેલ અને સાહસિક કામ કરી રહેલ છે.

દેશભરમાં ફેલાયેલા સંસ્થાના સ્વયંસેવકોની મદદ અને બાતમીને આધારે બાળ મજદુરી કરાવતા એકમો - સ્થળો પર ઓચિંતા છાપા મારીને અને જરૂર લાગે ત્યાં કાનુનની મદદ લઈને બંધીયા મજુરોની જેમ અને મજબુરીથી એકદમ નાની ઉમરે કામ કરતા બાળકોને છોડાવવા એ કૈલાશની સંસ્થાનું મુખ્ય અને મહત્વનું કામ છે. લગભગ ૩૦ વર્ષોથી આ ક્ષેત્રે કામ કરતી બચપન બચાવો દ્વારા અત્યર સુધીમાં અંદાજે ૮૦૦૦૦ જેટલા બાળકોને આ દોઝાખ્માંથી બહાર કાઢયા છે. ઈંટોના ભઠ્ઠા, પત્થરની ખાણો કે કપડા ઈન્ડસ્ટ્રી જેવી જગ્યાઓએથી સફળતાપૂર્વક છોડાવાયેલા બાળકો સિવાય હવે કૈલાશ અને એના સાથીદારો બીજી અનેક ઈન્ડસ્ટ્રી અને સંસથાનોમાંથી પણ આવા શોષિત બાળકોને છોડાવવાનું કામ કરી રહી છે. આ ઉપરાંત બાળમજદુરી અટકાવવા માટે સમાજમાં જાગૃતિ ફેલાવવા રેલીઓ અને સરઘસો કે વિરોધ પ્રદર્શનો કરી કરીને સમાજને જાગૃત કરતી રહી છે જેમાં ૧૯૯૩માં એમણે કરેલી ૨૦૦૦ કિ.મી. લાંબી બિહાર-દિલ્હી માર્ચનો સમાવેશ થાય છે કે જેને લીધે સમાજમાં અને ખાસ કરીને બિહાર અને યુપીની કાર્પેટ અને બીજી ઈન્ડસ્ટ્રીમાં કામ કરતા આવા શોષિત બાળકો પ્રત્યે સમાજમાં જાગૃતિ આવી. કૈલાશ અને સાથીદારોના અથાગ પ્રયત્નોને લીધે ચાઈલ્ડ લેબરના કાયદાઓમાં સુધારાઓ અને આરોપીઓને દંડ કે સજા બાબતે અનેક મહત્વપૂર્ણ ચુકાદો અને બાળ મજદુરી કે બાળ તસ્કરીના કાયદાઓમાં ધરખમ સુધારાઓ લાવવામાં પણ કૈલાશ સફળ રહ્યા છે.

આ કામ વાંચવામાં જેટલું સરળ દેખાય છે એટલું જ કરવામાં અઘરું છે અને એમાં જબ્બર સાહસ અને કુનેહની જરૂર પડે છે કેમકે બંધીયા બનાવેલા બાળકોના માલિકો પહોચેલી માયા અને બધી રીતે ખતરનાક હોઈ શકે છે પણ જાનની પરવા કર્યા વગર પણ કૈલાશ આ કામ સફળતાપૂર્વક કરી રહ્યા છે. આવી રીતે છોડાવાયેલા બાળકોને ફરીથી સમાજમાં એકરૂપ કરવા માટે એમને દિલ્હી પાસે મુક્તિ આશ્રમની અને રાજસ્થાનમાં બાળ આશ્રમની સ્થાપના કરી છે કે જયાં આવા અનાથ બાળકોને છોડાવ્યા પછી અમુક સમય સુધી એમનામાં આત્મવિશ્વાસ જગાડવાનું અને એમને યોગ્ય જગ્યાએ શિક્ષણ મળી રહે તેવી વ્યવસ્થા કરવાનું કામ ચાલે છે.

નોબેલ પ્રાઈઝ મળતા બાળ મજદુરી અને બાળકોના મૂળભૂત અધિકારો તરફ આખા જગતનું ધ્યાન ખેચાસે અને એનાથી હજુ પણ જગતભરમાં મજુરી અને તસ્કરીની નામેશીભારી જિંદગી જીવતા અનેક બાળકોનો આજે નહિ તો કાલે ભાગ્યોદય થશે એવું કૈલાશ દ્રઢપણે માને છે. કૈલાશનું કહેવું છે બાળકો નિર્દોષ અને કોઈ જ પ્રકારના પક્ષપાતથી પર હોય છે અને એમને પણ શિક્ષણ સહીત સારી જિંદગી જીવવાનો અધિકાર છે. કૈલાશે બાળકોની આ સમસ્યાને માનવાધિકાર સાથે જોડીને આ પ્રવૃત્તિ અટકાવવા અને આવા બાળકોના પુનર્વસન માટેના કામને યુનેસ્કોની મદદથી ચેરીટીમાં પરિવર્તિત કરેલ છે કે જેને લીધે મળતા ભંડોળ અને દાનથી આવા શોષિત-નિરાધાર અને મૂળભૂત અધિકારોથી વંચિત બાળકોને એક ખુશહાલ અને એમને ગમતી દુનિયામાં સ્થાન અપાવી શકાય.

સરહદની આ પાર ૬૦ વર્ષના કૈલાશના રૂપમાં શાંતિનું પારેવું ઉડ્યું તો સરહદની પેલે પાર ફક્ત ૧૭ જ વર્ષની મલાલા નામની પરી શાંતિદૂત બનીને સમગ્ર વિશ્વમાં પાકિસ્તાનનું નામ રોશન કરી રહી છે. મજાની વાત એ છે કે બંને વિજેતાઓને જે કાર્ય માટે નોબેલ મળેલ છે એમાં મજબુત ઈરાદાઓ અને અકલ્પનીય સાહસની સરખી જરૂર પડે છે. પાકિસ્તાનના સ્વાત જીલ્લામાં તાલિબાનીઓએ છોકરીઓને સ્કુલે જવાની મનાઈ ફરમાવેલી ત્યારે આ જ મલાલાએ ખતરનાક તાલીબાનો સામે અવાજ ઉઠાવીને વિરોધ નોંધાવેલો અને ત્યારે એની ઉમર ફક્ત ૧૧-૧૨ વર્ષની જ હતી..તાલિબાનોના હાથે પકડાઈ નાં જવાય એ માટે બીબીસીની ઉર્દુ સેવામાં ગુલ મકઈના બોગસ નામે બ્લોગ લખીને એણે તાલિબાનોના આ ખોટા પગલાં સામે લોકોને એકમત કરવાનું કામ શરુ કરેલું જેનાથી મલાલા તાલીબાનોના હીટલીસ્ટમાં આવી ગઈ અને એક દિવસે જયારે તાલીબાનોને મલાલાની સાચી ઓળખ મળી ગઈ ત્યારે અકળાઈને ઓક્ટોબર ૨૦૧૨માં તાલિબાનીઓએ એક સ્કૂલબસ આંતરીને એમાં મુસાફરી કરી રહેલી મલાલાને ઈનામ સ્વરૂપે માથામાં ગોળીઓ ધરબી દીધેલી. મલાલાને હાથ, ગરદન અને કરોડરજ્જુમાં ગોળીઓ મારવામાં આવી. તાલીબાનો છોકરીઓ સ્કુલે જાય એની બિલકુલ ખિલાફ હતા પણ અલ્લાહની કૃપાથી મોતના મુખમાંથી પરત ફરેલી મલાલાએ પછીથી તાલીબાનોને ના ગમતી કન્યા શિક્ષણની પ્રવૃત્તિને વેગ મળે એ માટે અહિંસક આતરરાષ્ટ્રીય મુહિમ શરુ કરી અને આજે એના પ્રયત્નોથી અને એના અપ્રિતમ સાહસમાં સહભાગી બનેલ અનેક સંસ્થાઓના સહયોગથી પાકિસ્તાનમાં કન્યાઓમાં શિક્ષણની જરૂરીયાત અને આપદગ્રસ્ત/તણાવગ્રસ્ત વિસ્તારોમાં એ માટે મળવી જોઈતી સુવિધાઓ ક્ષેત્રે નોંધનીય કામ કરી રહી છે. એકદમ ખતરનાક અને આતંકિત પરિસ્થિતિઓ વચ્ચે પણ મલાલાએ કન્યા શિક્ષણનું એનું કામ પડતું મુક્યું નહિ અને વધુને વધુ લોકોને પોતાના આ આંદોલનમાં સહભાગી બનાવવા માટે પ્રયત્નો કરતી રહી.

મલાલાને ગયા વર્ષે પણ નોબેલ પ્રાઈઝ માટે નોમીનેટ કરાયેલ પણ નોબેલ કમિટી મલાલાના પ્રયત્નોને પોરસ ચડાવાવનો મોકો ચુકી ગયેલ પણ આ વર્ષે એમણે એ ભૂલ સુધારી લીધી. પ્રાઈઝ જાહેર કરતી વખતે કમિટીએ નોંધ્યું છે કે એક મલાલા જેવી કિશોરી કહી શકાય એવી બાળકી આતંકવાદીઓના શસ્ત્રોથી પણ ડર્યા વગર જે રીતે શિક્ષણ માટે અડગ રહી છે એ અત્યારની અને આવનારી અનેક યુવા પેઢીઓ માટે એક મિસાલ છે. સાવ જ શાંતિપૂર્ણ રીતે પોતાની સભ્યતા અને સમાજને આવા હિંસાવાદી તત્વોથી બચાવવાની મલાલા જેવી યુવતીઓની કોશિશો અને એમાં એને મળેલી સફળતા આવનારી અનેક પેઢીઓ સુધી એક ઉદાહરણીય અને પ્રેરણાત્મક નિશાની છોડી જશે.

બંને પાડોશી દેશોને મળેલા સહિયારા નોબેલમાં ઉડીને આખે વળગે એવી વાત છે હિંદુ-મુસ્લિમની જોડીની. આ ઉપરાંત પણ એક બીજું કનેક્શન બંને વિજેતાઓના ચરિત્રમાં છે અને એ છે મહાત્મા ગાંધીજીનો પ્રભાવ. યુ.એન.માં જુલાઈ ૨૦૧૩માં મલાલાએ આપેલા ઐતિહાસિક ભાષણમાં નોંધેલું કે હું અહી તાલીબાનો વિરુદ્ધ બોલવા નથી આવી કે નાં તો મને એમના પર કોઈ રોષ છે. તમે મારા હાથમાં બંધુક પકડાવશો તો પણ હું એમના પર ગોળીબાર નહી કરું કેમકે હું અહિંસામાં માનું છું અને મારા આ વિચારો મહાત્મા ગાંધી, બાદશાહ ખાન અને મધર ટેરેસાને આભારી છે. તો બિલકુલ એ જ અંદાજમાં પણ જરા જુદી રીતે એવોર્ડ મળ્યા પછી કૈલાશ સત્યાર્થી કહે છે કે મારા કરતા આ એવોર્ડ મહાત્મા ગાંધીજીને મળ્યો હોત તો મને વધુ આનંદ થયો હોત કેમકે એમના આદર્શોમાંથી શીખ લઈને અમે પણ અમારી આ લડતને અહિંસક જ રાખી છે. ...ગાંધીજીના આદર્શો આજે પણ એટલા જ પ્રસ્તુત છે એના આ બે વધુ ઉદાહરણો છે...!!!

**વિસામો -**

જો એક ચા વેચવાવાળો વડાપ્રધાન બની શકતો હોય તો હવે વડાપ્રધાને એ જોવું પડશે કે કોઈ બાળક બાળ-મજુર નાં બને

**(નરેન્દ્ર મોદીના વડાપ્રધાન બનવા સમયે કૈલાશ સત્યાર્થી એ કરેલી ટ્વીટ)**